# રાજયમાં કોરોનાના વધુ પાંચ પોઝિટિવ કેસ, કુલ ૪૪ : મૃતાંક ૩

## અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગરમાં વધુ એક-એક પોઝિટિવ કેસ નોંધાયા : રાજકોટમાં ૧૩માંથી ૧૨ લોકોના રિપોર્ટ નેગેટીવ આવ્યા

ગાંધીનગર, તા.૨૬

કોરોના વાયરસનો આતંક ગુજરાતની સાથે સાથે દેશમાં પણ અકબંધ રહ્યો છે. ગુજરાતમાં પણ કેસોની સંખ્યા અને મોતના આંકડામાં વધારો થઈ રહ્યો છે. તંત્ર દ્વારા કોરોનાને રોકવા માટે તમામ પ્રયાસો કરાઈ રહ્યા હોવા છતાં નવા નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. નવા વિસ્તારો પણ કોરોનાના સકંજામાં આવી રહ્યા છે. આના ભાગરુપે આજે ભાવનગર પણ કોરોનાના સકંજામાં આવતા એક કેસ નોંધાયો હતો અને એકનું મોત પણ થયું હતું. ગુજરાતમાં કોરોના વાયરસનોં કહેર હવે ગંભીર હદે વધતો જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા પાંચ કેસો સામે આવ્યા છે, જેમાં અમદાવાદ, વડોદરા રાજકોટ અને ભાવનગરમાં વધુ એક-એક કોરોના પોઝિટિવના કેસ સામે આવ્યા છે. આ સાથે રાજયમાં કોરોના પોઝિટિવના કુલ કેસો ૪૪ થયા છે. બીજીબાજુ, સુરત બાદ હવે અમદાવાદ અને ભાવનગરમાં કોરોના વાયરસના કારણે એક-એક વ્યકિતના મોત નોંધાતાં સમગ્ર રાજયમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ સાથે ગુજરાતમાં કોરોના વાયરસના કારણે કુલ ત્રણના મોત નોંધાયા છે. કોરાનાના કારણે એક પછી એક પોઝિટિવ કેસોની સંખ્યા વધતાં અને હવે મૃત્યુઆંક પણ વધવાની શરૂઆત થતાં સરકાર અને તંત્ર દોડતુ થઈ ગયુ છે. રાજકોટમાં ૧૩ જણાંના કોરોના શંકાસ્પદ કેસ જણાંતા તેમના સેમ્પલ લેબમાં મોકલાયા હતા, જેમાંથી ૧૨ના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા, જયારે એક યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં રાજકોટમાં કુલ પાંચ કોરોના પોઝિટિવ કેસ થયા હતા.

રાજયમાં કુલ નોંધાયેલા કોરાના પોઝિટિવના ૪૪ કેસોમાં સૌથી વધુ અમદાવાદમાં ૧૫ કેસ નોંધાયા છે. ભાવનગરના એકમાત્ર કોરોના પોઝિટિવ કેસના દર્દી એવા કરચરિયા પરાના ૭૦ વર્ષીય વૃધ્ધનું મોત નોંધાતા કોરોનાના કહેરને લઈ રાજયભરમાં હવે જાણે કે, સન્નાટો છવાઈ ગયો છે. આ દર્દી છેલ્લા ૧૪ દિવસથી સર ટી હોસ્પિટલમાં કવોરન્ટાઈન હેઠળ સારવારમાં હતા અને તેઓ દિલ્હીથી પ્રવાસ કરી ભાવનગર આવ્યા હતા. બીજીબાજુ, અમદાવાદ ખાતે જે ૮૫ વર્ષીય વૃધ્ધાનું જે મૃત્યુ નોંધાયુ તે સાઉદી એરેબિયાની ટ્રાવેલ હીસ્ટ્રી ધરાવે છે. તેમને માનસિક બિમારીના લક્ષણો પણ જણાયા હતા. રાજયના આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કેસો અને તેને સંબંધિત માહિતી માટે વેબસાઈટ પર માહિતી મૂકવામાં આવી રહી છે. તેના અપડેટની વિગતો ગુજકોવીડ૧૯.ગુજરાત.ગવ.ઈન ડેશબોર્ડ કાર્યરત કરી મૂકવામાં આવી રહી છે.



સાબરકાંઠા જીલ્લાના હિમતનગર થી ખેડબ્રહ્મા ની અંગ્રેજો વખતની મીટરગેજ રેલ્વે લાઈન બંધ કરવામાં આવ્યા બાદ હવે હિમતનગરની હાથમતી નદી પરનો અડધો કિમીથી પણ લાંબો ૧૮ થાંભલા પર બનાવેલો અડીખમ રેલ્વે ઓવરબ્રીજ ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# પગપાળા જતા લોકોની સેવા કરનારે સતર્કતા રાખવી જરૂરી

## સેવા કરતા યુવકો અને સંસ્થાઓ માસ્ક પણ પહેરવાનું ભૂલ્યા કોરોનનો ભય

કોરોનાને લઈને ૨૧ દિવસનું લોક ડાઉન થયા બાદ હવે ગુજરાતમાં કામ કરતા રાજસ્થાની અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોની હાલત બદતર બની ગઈ છે.

લોકડાઉનના પગલે સરકારી અને ખાનગી ટ્રાન્સપોર્ટશન પર પાબંધી લગાવી દેવામાં આવતા ગુજરાતમાં રોજગારી મેળવતા રાજસ્થાની શ્રમિકોની હાલત દયનિય બની છે લોકોએ ડરના ૨૧ દિવસ માટે લોકડાઉન કરી દેવાયું છે ત્યારે અમદાવદ, ગાંધીનગર, નડિયાદ સહીત ગુજરાતના જિલ્લાઓમાં કામ કરતા કામદારો તથા હોટલોમાં કામ કરતા વેઈટરો અને રસોઈયાઓને રજાઓ આપી દેવામાં આવી છે. મૂળ રાજસ્થાનના અને ગુજરાતમાં કામ ધંધા માટે આવેલા આ લોકો ટ્રાન્સપોર્ટ સુવિધા બંધ થવાથી અટવાયા છે. જેને લઈને તેઓએ વતન તરફ ચાલતી પકડાતા



માર્યા વતન તરફ પગ માંડતા હાલ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્ગો પર પદયાત્રીઓ ચાલતા હોય તેવી સ્થિતિની નિર્માણ થયું છે. બંને જીલ્લાનું પોલીસતંત્ર, અરવલ્લી જીલ્લાના ધારાસભ્યો સહીત વિવિધ સેવાકીય સંસ્થાઓ અને યુવાવર્ગ શ્રમિકોને આશરો આપવાની સાથે ચા-નાસ્તા અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરવાની સાથે વિતરણ કરી માનવતાના ઉદાહરણ પુરા પાડી રહી છે પરંતુ પદયાત્રીઓની સેવા કરતા કેટલાક યુવકો અને સંસ્થાઓના સદસ્યો પૂરતા પ્રમાણમાં કાળજી લેતા નથી અને સેવાના ઉત્સાહના અતિરેકમાં મોઢા પર માસ્ક કે રૂમાલ પણ બાંધતા ન હોવાથી કોરોના સંક્રમિત થવાનો ભય પેદા થયો છે.

કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીને પ્રથમ દિવસથી ૧૪ દિવસ દરમિયાન લક્ષણ દેખાતા હોય છે કેન્દ્ર સરકારે કોરોનાનો કહેર વધતા હવે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્ગો પર કીડિયારું ઉભરાયું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. શ્રમિકોની વ્હારે પોલીસતંત્ર, વહીવટી તંત્ર સેવાકીય સંસ્થાઓ અને યુવાવર્ગ દ્વારા પગપાળા શ્રમિકોને પાણી ચા-નાસ્તા અને ભોજનની સુવિધા પુરી પાડી રહ્યા છે અને કેટલાક સ્થાનિક લોકો પોલીસનો સહકાર લઈને પોતાના ટ્રક અને આઈશર ગાડીઓમાં પગપાળા લોકોને રાજસ્થાન સરહદ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. સેવાકીય કર્યો કરતા લોકો અને પગપાળા પસાર થતા શ્રમિકો કોરોના અંગે નિષ્કાળજી દાખવી રહ્યા હોય તેમ કોઈ પણ પ્રકારની સાવચેતી ન દાખવતા સેવા કરવા જતા કોરોના ઘર કરી જાય તેવી દહેશત પેદા થઈ છે. સેવાકીય કાર્યો કરતા લોકો સેવા કરવાની સાથે સતર્ક રહેવાની ખુબ જરૂર હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

# કોરોના કહેર પુંસરી ગામે ડિજિટલ બેસણું યોજાયું

## મૃતકના મુંબઈ રહેતા પુત્રની વિડીયો કોન્ફરન્સથી પિતાને શોકાંજલિ

રાજ્યમાં કોરોના વાયરસનો કાળો કેર વર્તાઈ રહ્યો છે. ગુજરાતમાં કોરોના પોઝિટીવના ૪૩ દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. તે સાથે જ ગુજરાતમાં કોરોના વાયરસ ૩ લોકોને ભરખી ગયો છે. આ મહામારી સામે ગુજરાત સરકાર અને સ્થાનિક તંત્ર બાથ ભીડી રહ્યું છે. કેન્દ્ર સરકારે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરી દીધું છે.

કોરોનાની મહામારીની ગંભીરતા સમજી લોકો મૃતક સ્વજન પાછળ બેસણું અને લોકાચાર અને મરણોત્તર વિધિ મુલત્વી રાખી રહ્યા છે.

તલોદ તાલુકાના પુંસરી ગામે જયંતીભાઈ દરજીનું આકસ્મિક નિધન થતા પરિવારજનોએ ડિજિટલ બેસણું રાખી અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મૃતકનો મુંબઈ રહેતો પુત્ર પણ ભારેહૈયે કોરોનાની ગંભીરતા સમજી વિડીયો કોન્ફરન્સથી પિતાને શોકાંજલિ પાઠવી હતી.

પુંસરી ગામને સમગ્ર દેશમાં સૌ પ્રથમ સ્માર્ટ વિલેજ બનાવનાર અને સરકારના કુપોષણ મુક્ત ભારત પ્રોજેક્ટના સીઈઓ હિમાંશુ પટેલે કોરોનાની મહામારી વચ્ચે બુધવારે પુંસરીમાં જયંતીભાઈ દરજીનું આકસ્મિક નિધન થતા મૃતકના પરિવારજનો અને કૌટુંબિક અગ્રણીઓ સાથે ચર્ચા કરી દુ:ખદ પ્રસંગમાં બેસણું રાખવામાં આવેતો દુ:ખમાં ભાગીદાર થવા અને શોકાંજલિ પાઠવવા મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટે તો કોરોના વાયરસ સંક્રમણની શક્યતાઓના પગલે ડિજિટલ બેસણું યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.



પુંસરી ગામે જયંતીભાઈ દરજીનું ડિજિટલ બેસણું પુંસરી ગ્રામ પંચાયતના આઈ.ડી. અને મૃતકના ભત્રીજા આશિષ દરજીના એફ.બી.આઈ.ડી.નો ઉપયોગ કરી ફેસબુક લાઈવ અને વિડીયો કોન્ફરન્સથી યોજ્યું હતું જેમાં મૃતકના મુંબઈ રહેતા પુત્ર અને રાજય અને દેશમાં વસવાટ કરતા સગા-સંબંધીઓએ શોકાંજલિ પાઠવી હતી. ટેક્નોલોજીનો ઉપયોગ કરી દરજી પરિવારે દુ:ખદ પરિસ્થિતિમાં લોકડાઉનની સ્થિતિમાં કોરોના વાયરસને પ્રસરતો અટકાવવા સરાહનીય કામ કરવાની સાથે લોકોને અનોખું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# વડગામના માહીમા અમેરિકાથી આવેલા વ્યક્તિનું સ્ક્રીનીંગ કરાયુ

વડગામ તાલુકાના માહી ગામમાં અમેરિકાથી એક વ્યક્તિ આવી પહોંચતા મેતા પી.એચ.સી. કેન્દ્રના મેડીકલ ઓફિસર ટીમ સાથે માહી આવી પહોંચીને આ વિદેશથી આવેલા વ્યક્તિનુ સ્ક્રીનીંગ સાથેની



તપાસ હાથ ધરી હતી. જેમા આ વિદેશથી આવેલા વ્યક્તિને તપાસ દરમિયાન કોઈજ ચિંતાજનક ન હોવાનું આરોગ્યની ટીમને જણાયું હતુ. છતા પણ કોરોનાની મહામારી બિમારીના પગલે અગમચેતીના ભાગરૂપે આ વ્યકિતને ઘરના સભ્યો તેમજ અન્ય લોકોના સંપર્કમાં ૧૪ દિવસ સુધી ન આવવાની સુચના અપાઈ હોવાનું આરોગ્યના સુત્રોએ જણાવ્યું હતું.

વડગામ તાલુકાના માહી ગામમાં મેવાડા પરીવારનો એક વ્યકિત અમદાવાદની કોઈ કંપનીમાં સર્વિસ કરે છે. જે વ્યક્તિ કંપનીના કામ અર્થે અમેરીકા ગયો હતો. જે ગુરૂવારના સવારે માહી પહોંચતા મેતા પી.એચ.સી.ના મેડીકલ ઓફિસર એસ.એચ. શેખ તેમની ટીમ સાથે માહી પહોંચી જઈને વિદેશથી આવેલા વ્યક્તિનુ સ્ક્રીનીંગ કરીને તપાસ કરી હતી. જેમા વિદેશથી આવેલા વ્યક્તિને કોઈજ તકલીફ ન હોવાનું આરોગ્ય તંત્રને જણાયું હતું. આ વ્યક્તિને હમણા ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈન કરીને કોઈ જ લોકોના સંપર્કમાં ન આવવાની સલાહ મેતા પી.એચ.સી.ના આરોગ્યની ટીમ દ્વારા આપવામાં આવી હતી.





## બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મજૂરો માટે જમવા અને વાહનની વ્યવસ્થા કરી

બાયડ-માલપુરના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તેમજ તેમના સાથી મિત્રો દ્વારા અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં મજૂરી કામ માટે આવેલા મજૂર વર્ગ માટે જમવાની વ્યવસ્થા કરી હતી. હાલમાં કોરોના વાયરસને પગલે ૨૧ દિવસ લોકડાઉનની સ્થિતિ હોવાથી મજૂરી કામ કરતા લોકો હાલ માદરે વતન જવા માટે નીકળ્યા છે. પરંતુ પરિવહનની સુવિધા બંધ હોવાના કારણે તેમને ઘરે જવા માટે કોઈ વાહન મળતું નથી જેના કારણે પગપાળા ચાલીને માદરેવતન પહોંચવા માટે મજબૂર બન્યા છે. એવા સમયે પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા એમના કેમ્પસની સ્કૂલ બસ મારફતે આ લોકોને તેમના ઘર સુધી પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# અરવલ્લી આરોગ્ય વિભાગ દ્વારા કન્ટેઈનમેન્ટ પ્લાન રજૂ કરાયો

## કલેકટરની પહેલ : બેઠકમાં જળવાયું સોશિયલ ડિસ્ટન્સીંગ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કોરોના રોગના સંક્રમણને અટકાવવા સમગ્ર દેશમાં ૨૧ દિવસ લોક-ડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે



અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલ કન્ટેઈનમેન્ટ પ્લાનની યોજના અંગે બેઠક કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

કોરોના વાયરસને અટકાવવા પ્રધાનમંત્રી દ્વારા (સોશ્યિલ ડિસ્ટન્સીંગ) સામાજીક અંતર જાળવવાની વાત કરી છે. તેની શરૂઆત કલેકટર દ્વારા યોજાયેલ બેઠકમાં જોવા મળી હતી જેમાં દરેક અધિકારીઓ વચ્ચે નિયત અંતર કરીને બેઠકની શરૂઆત કરી હતી. બેઠકમાં સંક્રમણને નિયંત્રણ કરવા ભૌગોલિક વિસ્તાર અનુસાર ગામ, નગર, વોર્ડ કે કોલોનીમાં કોઈ કેસ નોંધાય તો એપીડેમીક એક્ટ અન્વયે કન્ટેઈનમેન્ટ પગલા લેવાના થાય છે જેમાં આ વિસ્તારમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સિવાય વધારાની અવર-જવર પર પ્રતિબંધ લગાવવાની રહેશે.

તેમાં વધુ સાવચેતીઓ રાખવાની વાત કરતા જિલ્લા વિકાસ અધિકારી ડો. અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે કન્ટેઈનમેન્ટ ઝોનની હદ પૂર્ણ થયા બાદ શહેરી વિસ્તારમાં પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં સાત કિલોમીટરનો બફર ઝોન જાહેર કરવાનો થાય છે. જેમાં આસ-પાસના લોકોના આરોગ્યની તકેદારીના પગલા લેવા હોવાનું પણ ઉમેર્યું હતું આ ઉપરાંત એવા વિસ્તારમાં જરૂરીયાતની ચીજવસ્તુઓ ઉપરાંત વીજ પાણી પુરવઠો સહિત સુવિધામાં ખાસ વધારો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે આ સાથે સંકળાયેલ તમામ વિભાગોએ સમજણ કેળવી એક કોર ટીમની રચના કરવા પર ખાસ ભાર મુક્યો હતો તેમજ શહેરી વિસ્તારમાં નગરપાલિકા, ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયતો સફાઈ અંગે ખાસ તકેદારી રાખે તેના માટે ભાર મુક્યો હતો. જિલ્લાવાસીઓને અપીલ કરતા પણ જણાવ્યું હતું કે, જે જીવન-જરૂરીયાતની ચીજવસ્તુઓ સાથે સંકળાયેલા પરિવહનનો પાસ ઈસ્યુ કરવામાં આવશે તેમ ઉમેર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડો. અનિલ ધામેલીયા, નિવાસી અધિક કલેકટર આર.જે. વલવી આરોગ્ય અધિકારી ડો. અમરનાથ વર્મા સહિય અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાહત પેકેજ...

● પહેલા પાનાનું ચાલુ

કન્સ્ટ્રક્શન વર્કરોને ડીબીટી લાભ આપવામાં આવશે. વરિષ્ઠ લોકો, દિવ્યાંગો, વિધવાઓને એક હિસ્સો ૧૦૦૦ રૂપિયા બે ઈન્સ્ટોલમેન્ટમાં આપવામાં આવશે. આગામી ત્રણ મહિનામાં આ રકમ આપવામાં આવશે. ૮.૭ કરોડ ખેડૂતોના ખાતામાં એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ૨૦૦૦ રૂપિયાની રકમ જમા કરી દેવામાં આવશે. તેમને તરત જ ફાયદો મળવાની શરૂઆત થાય તેનો હેતુ રાખવામાં આવ્યો છે. દેશમાં મનરેગા યોજનાનો લાભ પાંચ કરોડ પરિવારને મળે છે. મનરેગામાં દરરોજની આવકને ૧૮૨ રૂપિયાથી વધારીને ૨૦૨ રૂપિયા કરી દેવામાં આવી છે. આવી જ રીતે જનધનવાળી આશરે ૨૦ કરોડ મહિલાઓના ખાતામાં આગામી ત્રણ મહિના સુધી ડીબીટી મારફતે મહિને ૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. કોરોના વાયરસની ચિંતાથી મુક્ત કરવા માટે સરકારે શ્રેણીબદ્ધ જાહેરાતો કરી છે. અન્ન, ધન અને ગેસની ચિંતા દૂર થશે. આશરે ૮.૩ બીપીએલ કરોડ પરિવારને ઉજ્જવલા સ્કીમ હેઠળ ત્રણ મહિના સુધી ફ્રી એલપીજી સિલિન્ડર આપવામાં આવશે. સરકાર એમ્પ્લોઈઝ અને એમ્પ્લોયર બંને દ્વારા આપવામાં આવનાર ઈપીએફ યોગદાન આગામી ત્રણ મહિના માટે સરકાર ભરશે.

### કાળો કેર...

● પહેલા પાનાનું ચાલુ

દેશોમાં તો હવે માત્ર એવા જ દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમને હોસ્પિટલમાં સારવાર આપવાની જરૂર છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે જે દેશોમાં લોકોના મોત થયા છે તેમાં સ્પેન સૌથી ઉપર છે. સ્પેનમાં ૭૩૮, ઈટાલીમાં ૬૮૩ અને ફ્રાન્સમાં ૨૩૧ લોકોના મોત થયા છે. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. સ્થિતી ચીનમાં સુધરી રહી છે. દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે.

દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે.

### લોકડાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાણકારી મેળવવા માટે નગરજનો એકમેકને ફોન કરતા નજરે પડયા હતા. જો કે દુબઈથી આવેલા ઉમંગ પટેલના પરિવારજનોમાં જ આ એક નવો કેસ નોંધાયો હોવાની વિગતો પણ ધ્યાને આવી છે. શહેરમાં અત્યાર સુધી કોરોનાના સાત કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કહેરથી બચવા માટે નાગરિકો ઘરમાં જ રહે તેવી સતત અપીલ કરવામાં આવી રહી છે. નગરજનો પણ આ મામલે જાગૃત છે. સેકટરોમાં પણ મહીલાઓ પોતાના પરિવારજનો ઘરની બહાર ન નિકળે તે માટે પુરતી જાગૃત બની છે. જયારે સાંજના સમયે સેકટરોની શેરીઓમાં નિકળતા શાકભાજીના વેપારીઓ પાસેથી પણ ગૃહીણીઓ ઘર આંગણે જ શાકભાજી ખરીદી કરી લેવાનુ મુનાસિબ માને છે. શહેરમાં જનતા કરફયુ બાદ સતત બીજા દિવસે લોકડાઉનના લીધે સન્નાટો જોવા મળ્યો હતો. નાગરિકોની કોઈ જગ્યાએ ભીડ જોવા મળી ન હતી. જયારે સેકટરોના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં પણ પોલીસની વાન સતત રાઉન્ડ લેતી નજરે પડી હતી. સરકારે હોમ કોરેન્ટાઈન વ્યકિતઓ તેમજ એકલા રહેતા વડીલો સહીતના નાગરિકો માટે ઘરે સુધી ભોજન મળી રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવી છે.જયારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પણ નાગરિકોને ઘરે બેઠા મળી રહે તે માટે પણ આયોજન કર્યુ છે. આવા સંજોગોમાં કડક લોકડાઉનનુ પાલન કરતા નાગરિકો કોરોનાનો રોગચાળો જલદીથી કાબુમાં આવી જાય તે માટે ચૈત્ર નવરાતમાં માતાજીને પ્રાર્થના કરતા પણ નજરે પડે છે.

### ૨૦ લોકોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં રાખવામાં આવ્યા છે જ્યારે પડુસ્મા ખાતેના ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં ૧૭ લોકોને રાખવામાં આવેલ છે. અહિયાં જિલ્લાતંત્ર દ્વારા ભોજન-ચા-નાસ્તાની સુવિધા આપવામાં આવી રહી છે.

શહેરમાં મનપાના ત્રણ ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર છે જ્યારે જિલ્લામાં હાલ બે ફેસીલીટી સેન્ટરો છે.